Seat No. : ______________

# MP-138

**March-2019**

**B.A., Sem.-VI**

**CC-314 (A) : Gujarati**

**'આપણાં સૉનેટ' : સંપાદક – ચંદ્રશંકર ભટ્ટ**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) સૉનેટનાં સ્વરૂપગત લક્ષણોનો વિગતવાર પરિચય કરાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) સૉનેટક્ષેત્રે બ.ક. ઠાકોર અને ઉમાશંકર જોશીનું પ્રદાન. **7**

(2) સૉનેટક્ષેત્રે જયંત પાઠક અને ઉશનસ્‌નું પ્રદાન. **7**

(B) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : **4**

(1) સૉનેટમાં કુલ 14 પંક્તિઓ હોય છે.

(2) 'ઉપહાર' સૉનેટના રચયિતા રા.વિ. પાઠક છે.

(3) 'જૂનું ઘર ખાલી કરતાં' નિરંજન ભગતે રચેલું સૉનેટ છે.

(4) સૉનેટ કોઈ ને કોઈ છંદમાં રચાયેલું હોય છે.

2. (A) ચંદ્રશંકર ભટ્ટ સંપાદિત 'આપણાં સૉનેટ'નું એક આદર્શ સૉનેટસંચય તરીકે મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) 'આપણાં સૉનેટ' સંગ્રહમાંના સુંદરમ્‌ના સૉનેટ કાવ્યો. **7**

(2) 'આપણાં સૉનેટ' સંગ્રહમાંના પ્રહ્લાદ પારેખના સૉનેટ. **7**

(B) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : **3**

(1) 'ભરતી' સૉનેટના રચયિતા ______ છે.
(પૂજાલાલ, કૃષ્ણલાલ શ્રીધરાણી, 'કાન્ત')

(2) 'તું સારથિ, તું જ પરંતપ' સૉનેટના કવિ ______ છે.

(રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, હરિશ્ચંદ્ર ભટ્ટ)

(3) 'આયુષ્યના અવશેષે' સૉનેટમાળાના રચયિતા ______ છે.

(ઉશનસ્, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત)

3. (A) 'આયુષ્યના અવશેષે'ના 'ઘરભણી' અને 'સ્વજનોની સ્મૃતિમાં' બંને સૉનેટનો રસાસ્વાદ કરાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) 'જૂનું ઘર ખાલી કરતાં' સૉનેટનો અસ્વાદ **7**

(2) 'તુલસીપર્ણ' સૉનેટનો રસાસ્વાદ **7**

(B) જોડકાં જોડો : **3**

| | **A** | | **B** |
|---|---|---|---|
| (1) | 'આધુનિક અરણ્ય' | (a) | સુરેશ દલાલ |
| (2) | 'સાહસનું ઈંજન' | (b) | નિરંજન ભગત |
| (3) | 'લીલા તારી' | (c) | લાભશંકર ઠાકર |

4. (A) ગમે તે **એક** ફકરાનો સંક્ષેપ કરો : **9**

(1) "નિરીક્ષણ કરનાર અને વિચાર કરનારને સ્પષ્ટ જણાશે કે પંથી જ્યારે આત્મા વિનાના મડદા જેવા થઈ કોહવા માંડે છે અને તેમાંથી ધર્મના આત્માનું નૂર લોપ થઈ જાય છે ત્યારે જ તેઓ સંકુચિત દૃષ્ટિવાળા બની એકબીજાને વિરોધી અને દુશ્મન માનવા-મનાવવા માંડે છે. આ કોહવાટ કેવી રીતે શરૂ થાય છે અને તે કેમ વધ્યે જાય છે એ જાણવું હોય તો બહુ ઊંડાણમાં જવું પડે તેમ નથી. શાસ્ત્રો, તીર્થો, મંદિરો વગેરે પોતે જડ અને નિષ્ક્રિય હોઈ બીજા ક્રિયાશીલો દ્વારા જ પ્રેરાય છે. એવા ક્રિયાશીલો એટલે દરેક ધર્મના પંડિત, ગુરુ અને ક્રિયાકાંડીઓ. જ્યારે એવા પંડિતો, ગુરુઓ અને ક્રિયાકાંડીઓ પોતે જાણ્યે-અજાણ્યે ધર્મની ભ્રમણામાં પડી જાય છે અને ધર્મના મધુર તેમજ સરલ આશરા નીચે તેઓ મહેનતિયું. સગવડિયું અને બિનજવાબદાર જીવન જીવવા લલચાય છે ત્યારે જ ધર્મના દેહો આત્મા વિહોણા બની સડવા માંડે છે, કોહવા લાગે છે."

- પંડિત સુખલાલજી

(2) "ઈશ્વરે માણસની દૃષ્ટિ આગળ રાખી છે, પાછળ નથી રાખી, તેથી માણસ આગળ જોઈ શકે છે. પણ પોતાના કર્મોના પરિણામ પાછળ કેવાં થાય છે એ તરફ એનું ધ્યાન નથી રહેતું. માણસે કરેલી મોટરમાં પણ આગળ અજવાળું અને પાછળ ગંધાતો ધુમાડો હોય છે. આમ હોવા છતાં કુદરતે માણસ પાછળ એનાં પગલાં પાડી રાખવાની વ્યવસ્થા કરેલી છે જ. અંગ્રેજીમાં કહેવત છે કે ખૂનની વાત છાની રહી શકતી નથી. પણ એ નિયમ તો દુનિયાની દરેક વસ્તુને લાગુ પડે છે. કુદરતના પેટમાં કશું માતું જ નથી, એ કહી દે છે. આઠ દસ હજાર વર્ષ પછી પણ કહ્યા વગર એનાથી રહેવાતું નથી. સમુદ્રના ઉદરમાં કેવા શંખલા હોય છે એ બહારની દુનિયાને બતાવ્યા વગર મોજાંઓથી રહેવાતું જ નથી."

– કાકા કાલેલકર

(B) ગમે તે **એક** ફકરાનો સંક્ષેપ કરો : **9**

(1) અભય એટલે બાહ્ય ભયમાંથી મુક્તિ. મોતનો ભય, ધનમાલ લૂંટવાનો ભય, કુટુંબ પરિવાર વિશેનો ભય, રોગનો ભય, શસ્ત્રપ્રહારનો ભય, આબરૂનો ભય, કોઈને ખોટું લાગવાનો ભય : એમ ભયથી વંશાવળી જેટલી લંબાઈએ એટલી લંબાવી શકાય. એક માત્ર મોતનો ભય જીત્યા એટલે બધા ભયો જીત્યા એમ સામાન્ય રીતે કહેવાય છે; પણ એ બરોબર નથી લાગતું. ઘણા મોતનો ભય છોડે છે, છતાં નાના પ્રકારના દુ:ખોથી નાસે છે. કોઈ પોતે મરવા તૈયાર હોય છે પણ સગાંવહાલાંનો વિયોગ સહન નથી કરતા. કોઈ કૃપણ આ બધું જતું કરશે પણ એકઠું કરેલું ધન છોડતાં હેબતાઈ જશે. કોઈ પોતે માનેલી આબરૂ, પ્રતિષ્ઠા સાચવવા અનેક કાળાંધોળાં કરવા તૈયાર થશે ને કરશે, જગતની નિંદાના ભયથી કોઈ સીધો માર્ગ જાણવા છતાં લેતાં અચકાશે. સત્યની શોધ કરનારે આ બધા ભયોને તિલાંજલિ આપ્યે જ છૂટકો. હરિશ્ચંદ્રની જેમ પાયમાલ થવાની તૈયારી તેનામાં હોવી જોઈએ. હરિશ્ચંદ્રની કથા ભલે કાલ્પનિક હોય પણ આત્માર્થીમાત્રનો એ અનુભવ છે; એટલે એ કથાની કિંમત કોઈ ઐતિહાસિક કથા કરતાં અનંત ગણી વધારે છે, ને આપણે સહુને સંઘરવા, મનન કરવા યોગ્ય છે.

– ગાંધીજી

(2) આપણો ગ્રેજ્યુએટ વર્ગ શાળા છોડે છે તેની જ સાથે ઉચ્ચ મનોભાવના સમાગમનો પ્રદેશ પણ છોડે છે ! કેટલા નવીન કેળવણી પામેલા સજ્જનોને ત્યાં નાનો સરખો પણ પુસ્તકસંગ્રહ જોવામાં આવે છે ? આપણા કરતાં તો આપણા પૂર્વજોને સાહિત્યનો વધારે શોખ હતો એમ કહીએ તો ચાલે. ઘેર ઘેર રામાયણ, મહાભારત અને ભાગવતની આખ્યાયિકાઓ વંચાતી અને તે ધર્મ કરતાં પણ વિશેષ સાહિત્યદષ્ટિએ. પ્રેમાનંદની લોકપ્રિયતા એ કારણથી જ છે. વળી વિશેષઃ સુશિક્ષિત કુટુંબમાં ઓખાહરણ, નળાખ્યાન, મામેરું વગેરે કાવ્યો હાથે ઉતારી લેવાનો શ્રમ હોંશભેર કરવામાં આવતો, એટલું જ નહિ પણ સામાન્ય લોક પણ આ કાવ્યોનું પ્રેમ અને રસપૂર્વક વારંવાર શ્રવણ કરતા. અર્વાચીન સમયમાં કયા સાહિત્યનાં પુસ્તકો પ્રત્યે આપણો ગ્રેજ્યુએટ વર્ગનો આટલો પ્રેમ છે એમ કહી શકાશે ? આપણું વર્તમાન જીવન શુષ્ક અને ગ્રામ્ય થઈ ગયું છે, ધર્મ-સાહિત્ય-કલાની ભાવના એમાંથી ઊડી ગઈ છે, ગરીબ સ્થિતિમાં પણ એ ભાવના ઉચ્ચ રીતે કેળવી શકાય છે એ સ્મરણ જતું રહ્યું છે.

– આનંદશંકર 'ધ્રુવ'

Seat No. : _______________

# MP-138

**March-2019**

**B.A., Sem.-VI**

**CC-314 (B) : Gujarati**

**(અખાના છપ્પા)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) અખાના જીવન અને સાહિત્યસર્જનનો પરિચય આપો. **14**

**અથવા**

છપ્પાનું સાહિત્યસ્વરૂપ સમજાવી, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં છપ્પાના ઉદ્‌ભવ અને વિકાસની રૂપરેખા આપો.

(B) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના સાચા જવાબ આપો : **4**

(1) અખાનો વ્યવસાય કયો હતો ? (શિક્ષકનો, સોનીનો, કથાકારનો)

(2) અખો કઈ સદીમાં થઈ ગયેલો સર્જક છે ?

(પંદરમી, સોળમી, સત્તરમી)

(3) અખાને કયા દંભી ગુરુનો પરિચય થયેલો ?

(દેવાનંદ, બ્રહ્માનંદ, ગોકુળનાથ)

(4) અખાનો જન્મ ક્યાં થયો હતો ?

(જેતલપુર, વડોદરા, અમદાવાદ)

2. (A) ‘અખાના છપ્પા’નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

“અખો એટલે દ્રષ્ટાંતોનો કુબેર” – આ વિધાનના સંદર્ભમાં અખાના ભાષાપ્રભુત્વની ચર્ચા કરો.

(B) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના સાચા જવાબ આપો : **4**

(1) અખાના છપ્પા કયા છંદમાં લખાયેલા છે ?

(દોહરા, ચોપાઈ, પૃથ્વી)

(2) "એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ" –

આ પંક્તિમાં અખો શેની વ્યર્થતા દર્શાવે છે ?

(વાદવિવાદ, શિક્ષણ, મૂર્તિપૂજા)

(3) 'શબ્દ કેરો શઢ ક્યમ થાય ? આકાશ તે ક્યમ તોળ્યું જાય ?'

આ પંક્તિ કયા અંગમાં મુકાયેલી છે ?

(માયા અંગ, દોષ અંગ, કવિ અંગ)

(4) મિથ્યા ગુરુની પાસેથી જ્ઞાન મળતું નથી એ વાત અખો કયા અંગમાં સમજાવે છે ?

(શિષ્ય અંગ, ગુરુ અંગ, તીર્થ અંગ)

3. (A) નીચેનામાંથી ગમે તે બે વિશે ટૂંકનોંધ લખો : **14**

(1) અખાના છપ્પામાં સમાજ દર્શન.

(2) ગુરુ અંગમાં સદ્‌ગુરુ વિશે અખાના વિચારો.

(3) માયા અંગની રસલક્ષી સમીક્ષા કરો.

(4) જીવઈશ્વર અંગમાં જીવ અને ઈશ્વર વિશેની અખાની વિચારણા.

(B) યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના સાચા જવાબ આપો : **4**

(1) 'રામ રડવડતાં કેને મળ્યો ? ઘેલો તે ઘરસુખથી ટળ્યો' –

આ પંક્તિમાં અખો શેની વ્યર્થતા દર્શાવે છે ?

(તીર્થાટન, મૂર્તિપૂજા, દેહદમન)

(2) "મહા ઠગણી માયા પાપણી, જ્યમ સેવંતા ડસે સાપણી" –

આ પંક્તિમાં અખો માયાને શેની સાથે સરખાવે છે ?

(વિંછી, સાપણ, પાપણી)

(3) "દોષ ન ઘાલેશ કેના ઉર, તો હરિ દેખેશ ભરપૂર" –

આ પંક્તિ કયા અંગમાં મુકાયેલી છે ?

(માયા અંગ, પ્રાપ્તિ અંગ, દોષ અંગ)

(4) અખો જ્ઞાનીને શું ગણવાની ના પાડે છે ?

(કવિ, ગુરુ, શિક્ષક)

4. નીચેનામાંથી ગમે તે બે ગદ્યખંડનો સારાંશ લખો : **16**

(1) અધ્યાપક માટે તેના વિદ્યાર્થીઓ એ જ તેની ઉપાસનાની મૂર્તિ છે. એમની સેવા એ તેની પૂજા છે. એમનો વિકાસ એ તેનો પ્રસાદ છે. એમનું અધઃપતન એ તેનું નરક છે, અને ચારિત્ર્યની દઢતા એ જ તેનું સ્વર્ગ છે. દુર્બળ લોકોને મોળા પડતા રોકે ને શૂર ચઢાવે, તે અધ્યાપક. ઢોર જેવા પ્રાણીને શિક્ષક દેવ જેવા માણસ બનાવી શકે છે. ગુરુએ શિષ્યમાં જ્ઞાન રેડવાનું નથી. શિષ્યની બુદ્ધિ એ કંઈ વાસણ નથી, તે એક કમળ છે; સૂર્યની પેઠે દૂરથી જ પોતાનાં પ્રખર-સૌમ્ય કિરણોથી તેનો વિકાસ કરવાનો છે, વિદ્યાર્થીઓને વિદ્યાનંદને સેવાનંદનો સ્વાદ ચખાડવો, અને આદર્શ પાછળ ગાંડા થવામાં જ જીવનની સફળતા છે તે સમજાવી દેવું, એ શિક્ષકનો આનંદ છે.

જેમ ન્યાયખાતા પર રાજ્યકર્તાઓનો અંકુશ ઓછામાં ઓછો હોવો જોઈએ, તેમ જ કેળવણીના તંત્ર પર કોઈપણ સરકારનો ઓછામાં ઓછો અંકુશ હોવો જોઈએ. સાચા કેળવણીકારો રાજકીય અને સામાજિક નિયંત્રણથી પર હોવા જોઈએ. પણ એટલી યોગ્યતા અને અધિકાર પચાવવા માટે કેળવણીકારો જ્ઞાન અને ચારિત્ર્યમાં આદર્શ હોવા જોઈએ. એમનો પોતાના ઉપરનો અંકુશ જોઈને સમાજનું માથું એમની આગળ નમે, એવું હોવું જોઈએ.

– કાકા કાલેલકર

(2) સાધુનું લક્ષણ એ છે કે તે બીજાનો વિચાર કરીને ચાલે છે. સાધુ પોતાની શક્તિનો ઉપયોગ પોતાના માટે ઓછામાં ઓછો કરે, અને જેને જરૂર હોય એ તેને માટે વધારે કરે. ખલપુરુષ અને સાધુપુરુષ બંનેની પાસે જ્ઞાન હોય છે, ધન અને સત્તા પણ હોય છે. એ બધાનો ઉપયોગ માણસ કેવી રીતે કરે છે તેની પરથી નક્કી થાય છે કે એ સાધુ છે કે નથી. માણસ ઘરમાં રહે કે આશ્રમમાં, લૂગડાં ધોળાં પહેરે કે ભગવાં, તે મહત્ત્વનું નથી. અગત્યની વાત તો એ છે કે ઈશ્વરે આપણને જે કાંઈ આવડત આપી છે, જ્ઞાન-ધન કે સત્તા આપ્યાં છે, તેનો ઉપયોગ આપણે કઈ રીતે કરીએ છીએ.

જેમ માતા બાળકનું દુઃખ પોતે અનુભવે છે, તેમ સાધુ બીજાનું દુઃખ અનુભવે છે. આવું સાધુત્વ દરેક માણસ કેળવી શકે છે. આપણે શિક્ષક હોઈએ કે ડૉક્ટર, વેપારી હોઈએ કે ગૃહિણી, પણ આપણે પરદુઃખે દુઃખી થઈએ, બીજાના દુઃખને ટાળવાનો પ્રયત્ન કરીએ એટલે સાધુત્વની દિશામા આપણે આગળ વધ્યા. જેટલી સ્વકેન્દ્રિતતા ઓછી, તેટલું સાધુત્વ વધારે. આ સ્વકેન્દ્રિતતા તે છે સંસાર. આપણે સંસારમાંથી સાધુત્વ તરફ યાત્રા કરવી છે. અહંકાર ઓછો કરવો છે. 'હું' ઓછો કરવો છે. સાવ એ જશે, એવું કદાચ નહીં બને. પણ આપણાથી થાય તે થોડું થોડું કરતાં રહેવાનું છે.

– મનુભાઈ પંચોળી

(3) મેં તો હંમેશા માન્યું છે કે કોઈ સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ તેના શિયળનો ભંગ થઈ જ નથી શકતો. તે ડરની મારી વશ થઈ જાય, અથવા પોતાની પવિત્રતાનું સામર્થ્ય તેને ન લાગે ત્યારે જ તે રાક્ષસી વૃત્તિના માણસનો ભોગ થઈ પડે છે. જો પેલાનું શારીરિક બળ બહુ વધારે હશે તો તેની પવિત્રતા પેલો તેને વશ કરે તે પહેલાં મરવાનું બળ તેને આપશે..... સીતા રાવણને વશ ન થઈ તો તેની તરફ તે વિષયભરી દષ્ટિ પણ ન નાંખી શક્યો. તેણે અનેક ઉપાયો દૂરથી લીધા. રાક્ષસીઓનો ભય બતાવ્યો, લાલચો આપી, પણ એકે ઉપાય કામ ન આવ્યો. શારીરિક બળ તો તેનામાં નહીં જેવું હતું (રાવણની તુલનામાં), પણ તેની પવિત્રતા તેની રક્ષાની ઢાલ બની. તેની ઇચ્છા વિના રાવણ તેની પાસે આવી જ કેમ શકે ? બીજી તરફ જો કોઈ સ્ત્રી પોતાના શારીરિક બળ પર કે પોતાની પાસેના હથિયાર પર આધાર રાખે તો પોતાનું બળ ખલાસ થતાં તેની હાર નક્કી છે. જે સ્ત્રી ઉપર હુમલો થાય તે એવે વખતે હિંસા-અહિંસાનો વિચાર નહીં કરે. એ વખતે પરમ ધર્મ સ્વરક્ષા છે.

- ગાંધીજી

(4) કવિને કોઈ જીવનદષ્ટિ અભિપ્રેત હોય કે ન હોય, તે હંમેશા માનવભાવોને સાકાર કરવા માગે છે, અને એની કૃતિના વિષયભૂત ભાવો સાથે વાચક સહૃદય ન બની શકે એમ હોય તો એની કલાત્મકતાનો સ્વાદ એના માટે અશક્ય બની રહેવાનો, પરંતુ કૃતિના ભાવ પ્રત્યે સહૃદય બનવા માટે કવિની જીવનદષ્ટિ વાચકે સ્વીકારી લેવાની જરૂર નથી. મિલ્ટનની જીવનદષ્ટિ ભાગ્યે જ કોઈ આધુનિક વાચકને સ્વીકાર્ય બને અને છતાં એની એક મહાકવિ તરીકેની સિદ્ધિ નકારી શકાય તેમ નથી. એલિયટ એની ધાર્મિક માન્યતામાં એન્ગ્લો-કેથલિક હતો અને 'વેસ્ટલેન્ડ' પછીની એની કવિતામાં એનું દષ્ટિબિંદુ સ્પષ્ટ વરતાઈ આવે છે. પણ એના પ્રશંસકોમાંથી ભાગ્યે જ કોઈને અંગ્રેજ લોકોની જીવનદષ્ટિ પૂરેપૂરી સ્વીકાર્ય બનતી હશે. પણ આપણે એ સાહિત્યનો આસ્વાદ કરી શકીએ છીએ એમાં કોઈ શક નથી. આમ કૃતિના આસ્વાદ માટે એમાં અંતર્હિત રહેલી લેખકની જીવનદષ્ટિ વાચકે સ્વીકારવાની જરૂર નથી પણ એમાં નિરૂપાયેલા ભાવો વાચકને કલ્પનાગમ્ય તો બનવા જ જોઈએ, નહિ તો એમનું કલાત્મક સંકલન પ્રત્યક્ષ થવાનું નહિ, અને એ તો સ્પષ્ટ કહે છે કે જો વાચકને કવિની જીવનદષ્ટિ પ્રત્યે તીવ્ર અણગમો હોય તો કૃતિમાં નિરૂપાયેલા ભાવો એને કલ્પનાગમ્ય બનવાના નહિ એટલે કે કવિ અને વાચકની જીવનદષ્ટિ વચ્ચે તીવ્ર ભેદ હોય તો તે વાચકને કૃતિના આસ્વાદમાં બાધક બનવાનો.

---